| કુલ ગુણ | 150 |
|---|---|

# GUJRATI – 2015



Tet (1)

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક : ☐☐☐☐☐☐☐

પરીક્ષાનો બ્લોક નંબર : ☐

પરીક્ષાર્થીની સહી : ____________________ બ્લોક સુપરવાઇઝરની સહી : ____________________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ગુજરાત રાજ્યનું પાટનગર ક્યું છે?

(A) અમદાવાદ (B) ગાંધીનગર

(C) વડનગર (D) પાટણ

જવાબવહી **(Answer Sheet)** માં

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ **"B"** છે. આથી **"B"**નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "ગાંધીનગર" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી **(No negative marking system)**

(5) ઉત્તરપત્ર (OMR SHEET) માં બ્લોક સુપરવાઇઝરની સહી કરાવી લેવી આવશ્યક છે. બ્લોક સુપરવાઇઝરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા બ્લોક સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહીં.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે બ્લોક સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

(12) પ્રશ્નોના જવાબ સંદર્ભે સૌથી વધુ નજીકના વિકલ્પને માન્ય જવાબ ગણવામાં આવશે.

Most appropriate option of question to be considered as final answer.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

www.globlegujarat.in

# SPACE FOR ROUGH WORK

www.globlegujarat.in

1. શાળાથી લઈને રાજય સ્તર સુધી બાળકો અને શિક્ષકો માટે રમતોત્સવનું આયોજન કોના દ્વારા થાય છે?

(A) જીસીઈઆરટી (B) પ્રાથમિક શિક્ષણ નિયામક

(C) સર્વ શિક્ષા અભિયાન (D) રાજય રમતગમત નિયામક

2. 'જેમ સાયકલ ચલાવતાં આવડતું હોય એ વ્યકિતને સ્કૂટર શીખવામાં સરળતા રહે એ રીતે સરવાળા આવડતા હોય એને ગુણાકાર શીખવામાં સરળતા રહે.' – આ વિધાન સાથે કઈ સંકલ્પના જોડાયેલી છે?

(A) અધ્યનન પ્રેરણા (B) અધ્યયન આનુસંગિકતા (C) અધ્યયન સંક્રમણ (D) અધ્યયન ધારણ

3. યુનેસ્કો દ્વારા એકવીસમી સદીના શિક્ષણ માટે પ્રસિદ્ધ થયેલ અહેવાલ કયા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયો છે?

(A) શિક્ષણ – શાંતિની ગુરૂચાવી (B) શિક્ષણ – ભીતરનો ખજાનો

(C) શાંતિ માટેનું શિક્ષણ (D) શીખતાં શીખવે તે શિક્ષક

4. શિક્ષણ કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી સોપાનો 'શિક્ષણ–પ્રતિપોષણ– પુનઃઆયોજન–પુનઃશિક્ષણ–પુનઃપ્રતિપોષણ' સાથે શું સૌથી વધુ સુસંગત છે?

(A) પ્રવૃત્તિ પાઠ (B) માઈક્રો પાઠ (C) સમવાય પાઠ (D) સંયુકત પાઠ

5. આર.ટી.ઈ ૨૦૦૯ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે શૈક્ષણિક સત્તામંડળ તરીકે કઈ સંસ્થા કાર્યરત છે?

(A) સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ ( એસ.સી.પી.સી.આર.)

(B) ગુજરાત કાઉન્સિલ ફોર એલીમેન્ટરી એજયુકેશન ( જી.સી.ઈ.ઈ.)

(C) ગુજરાત કાઉન્સિલ ફોર એજયુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ( જી.સી.ઈ.આર.ટી )

(D) રાઈટ ટુ એજયુકેશન પ્રોટેકશન ઓથોરિટી ( આર.ઈ.પી.એ )

6. "સંકેતાંકન–સંચય–પુનઃપ્રાપ્તિ–પ્રત્યભિજ્ઞા" કઈ મનોવૈજ્ઞાનિક સંકલ્પના તબકકા છે?

(A) બુધ્ધિ (B) સ્મરણ (C) વિચાર (D) સામાન્યીકરણ

7. મારો વ્યવસાય મને સંતોષ આપે છે? – આ પ્રશ્નનો ઉત્તર આપણને શું સમજવામાં મદદ કરે છે?

(A) ઈમોશનલ કવોશન્ટ (ઈ.કયુ) (B) ઈન્ટાલિજન્ટ કવોશન્ટ (આઈ.કયુ.)

(C) સ્પીરિચ્યુઅલ કવોશન્ટ (એસ.કયુ.) (D) સેટીસ્ફેકશન કવોશન્ટ (એસ.કયુ.)

8. ઉપચારત્મક શિક્ષણની સંકલ્પના માટે નીચેના પૈકી કયું સૌથી સાચું છે?

(A) ગુણોત્સવ બાહ્ય મૂલ્યાંકનનાં પરિણામોને આધારે રાજય કક્ષાએથી સૂચવાયેલા મુદ્દાઓનું શિક્ષણકાર્ય

(B) વર્ગશિક્ષક અથવા વિષયશિક્ષક દ્વારા બાળકો કઈ બાબતમાં કચાશવાળાં છે તે ચકાસવાની વ્યવસ્થિત પ્રક્રિયા

(C) બાળકો જે બાબતોમાં કાચાં હોય તેમનું મુદ્દા આધારિત પુનઃશિક્ષણ કાર્ય

(D) પાઠ આયોજન મુજબ એક મુદ્દાનું અધ્યાપન કર્યા પછી છેલ્લે થતી મૂલ્યાંકન પ્રક્રિયા

9. 'સમૂહ પ્રાર્થનામાં હંમેશાં ગેરહાજર રહેતા બાળકને શિક્ષક રાત્રે ચોક્કસ રેડિયો કાર્યક્રમ સાંભળવાનું અથવા ટીવીનો ચોક્કસ કાર્યક્રમ જોવાનું ગૃહકાર્ય આપે છે.' આ બાબતને કઈ મનોવૈજ્ઞાનિક સંકલ્પના સાથે સાંકળશો?

(A) વૈયકિતક ભિન્નતા (B) સર્વાંગી શિક્ષણ

(C) ગૃહકાર્યની ગુણવત્તા (D) વય અનુરૂપ વિષયવસ્તુ

10. 'એકલવ્ય મોડેલ રેસિડેન્શિઅલ સ્કૂલ' કયાં બાળકો માટે છે?

(A) અનુસૂચિત જનજાતિ (એસ.ટી) બાળકો માટે

(B) અનુસૂચિત જનજાતિની બહુમતીવાળા વિસ્તારનાં તમામ બાળકો માટે

www.globlegujarat.in

(C) એસ.સી., એસ.ટી બાળકો માટે

(D) એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. બાળકો માટે

11. **આર.ટી.ઈ.૨૦૦૯ ની કલમ ૨૭ અન્વયે શિક્ષકો કઈ બિન શૈક્ષણિક કામગીરી ન કરી શકે?**

(A) વસ્તી ગણતરીની કામગીરી
(B) ચૂંટણીલક્ષી કામગીરી
(C) શાળા બહારનાં બાળકોના વાલી સંપર્કની કામગીરી
(D) આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત કામગીરી

12. **નિગમન પદ્ધતિ માટે નીચેના પૈકી કયું વિધાન યોગ્ય નથી?**

(A) આ પદ્ધતિમાં 'સામાન્યથી વિશિષ્ટ તરફ' અભિગમ છે.
(B) આ પદ્ધતિ મોટાં બાળકો માટે ઉપયોગી છે.
(C) બાળકોને વિવિધ ઉદાહરણો આપી સિદ્ધાંત નિરૂપણ કરવામાં આવે છે.
(D) સામાન્ય સિદ્ધાંતો શીખવીને વિશિષ્ટ ઉદાહરણો આપવામાં આવે છે.

13. **પ્રાથમિક શાળા કક્ષાએ અમલીકૃત પ્રજ્ઞા અભિગમ મુજબ નીચેના પૈકી કઈ બાબતે પ્રજ્ઞા વર્ગ એક સામાન્ય વર્ગથી બિલકૂલ જુદો છે?**

(A) બધાં બાળકો પ્રવૃત્તિમાં મગ્ન હોય છે.
(B) શિક્ષક દરેક સંકલ્પના અંતર્ગત પ્રવૃત્તિ કરાવે છે.
(C) બધાં બાળકો એક જ સમયે જુદી જુદી બાબતો શીખે છે.
(D) શિક્ષક અધ્યયન અધ્યાપન સમગ્રીનો પૂરતો ઉપયોગ કરે છે.

14. **'બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન' વિશે શું સાચું છે?**

(A) આ પદ્ધતિમાં હેતુલક્ષિતા/તટસ્થતા જળવાતી નથી.
(B) આ પદ્ધતિથી બાળકનું સર્વાંગી મૂલ્યાંકન થઈ શકે છે
(C) આ પદ્ધતિથી બાળકોનું ભારણ ઘટે છે
(D) આ પદ્ધતિમાં સર્જનાત્મકતાને બહુ અવકાશ નથી.

15. **નવા અભ્યાસક્રમ મુજબ શિક્ષણમાં સમુદાયની ભાગીદારીની વાત કરવામાં આવી છે. આ બાબતે નીચેના પૈકી શું અપેક્ષિત છે?**

(A) સમુદાયના તજજ્ઞો પણ બાળકોને કેટલીક સંકલ્પનાઓ શીખવે
(B) સમુદાયના સભ્યો શાળાની દેખરેખ રાખે
(C) સમુદાયના સભ્યો શાળાની ભૌતિક સુવિધાઓ વધારવામાં મદદરૂપ બને
(D) ઉપરના ત્રણેય

16. **ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનું મુખપત્ર કયું છે?**

(A) શિક્ષક સમાચાર
(B) શિક્ષક જયોત
(C) ચાણકય વૃત
(D) શિક્ષક સરવાની

17. **રાજયના તમામ જીલ્લાઓની ઘણીબધી પ્રા. શાળાઓમાં ચાલતી પ્રવૃત્તિ 'અક્ષયપાત્ર' અંગે શું સાચું છે?**

(A) પક્ષીઓ માટે બાળકો અનાજ લાવે છે
(B) બાળકોના મધ્યાહન ભોજન માટે સમુદાય દાન આપે છે
(C) ગરીબ બાળકોને જરૂરી સાધનસામગ્રી માટે સમુદાય દાન આપે છે.
(D) અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિવિધ ફળ અને શાકભાજીનાં બિયારણોનો સંગ્રહ કરવામાં આવે છે.

18. **'વર્ગખંડમાં કેટલાક બાળકો ગેરહાજર રહે છે' આ પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું જોઈએ?**

(A) ગેરહાજર બાળકોના સંબંધમાં શાળાના આચાર્યશ્રીને જાણ કરવી.
(B) વિદ્યાર્થીઓના વાલીઓને જાણ કરવી.
(C) ગેરહાજરી બાબતે લક્ષ ન આપતાં પોતાના વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરવું જોઈએ.
(D) વિદ્યાર્થીઓની ગેરહાજરીનાં કારણોની જાણકારી માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવું.

www.globlegujarat.in

19. **કોઈ પરીક્ષમાં તમારા ધોરણમાં મોટાભાગનાં બાળકો અનુત્તીર્ણ થાય છે, તો આ પરિસ્થિતમાં તમો કોને જવાબદાર ગણો છો?**
(A) શાળા વ્યવસ્થાપન સમિતી દ્વારા ધ્યાન ન આપવું.
(B) શાળાના આચાર્ય દ્વારા વિધાલયની ગતિવિધિમાં રસ ન આપવો.
(C) શાળામાં અભ્યાસ માટે ઉચિત વ્યવસ્થા ન હોવી.
(D) શિક્ષકની પોતાની સ્વયં શિક્ષણ વિધિ

20. **શિક્ષણકાર્ય દરમિયાન કોઈ વિદ્યાર્થી તમને ખલેલ પહોચાડે ત્યારે તમે શું કરશો?**
(A) તેને પ્રશ્ન પૂછીશ
(B) તેને મૌખિક સૂચના આપીશ.
(C) તે માટેનું કારણ શોધીશ
(D) તેને અન્ય કામ આપીશ

21. **ચાર્લ્સ સ્કિનરે શિક્ષકોની તૈયારીની આધારશિલા કોને કહી છે?**
(A) સમાન્ય જ્ઞાનને
(B) વ્યવહારિક જ્ઞાનને
(C) સામાજિક જ્ઞાનને
(D) શિક્ષણ મનોવિજ્ઞાનને

22. **એક બાળકને એક વસ્તુ બતાવીને 'ઢીગલી' એવું કહેવામાં આવે છે. બીજીવાર બાળક તે વસ્તુ જોઈને જ 'ઢીગલી' એવું કહે છે. આ કઈ બાબતનું ઉદાહરણ છે?**
(A) શૃંખલા અધ્યયન
(B) સંકેત અધ્યયન
(C) શાબ્દિક સાહચર્ય અધ્યયન
(D) ભેદ અધ્યયન

23. **પ્રતિભાશાળી વિદ્યાર્થી પોતાની ક્ષમતાને અનુરૂપ ઉચ્ચત્તમ ઉપલબ્ધિ પ્રાપ્ત કરે એ માટે શિક્ષકે કઈ બાબત અપનાવવી ન જોઈએ?**
(A) શિક્ષણ સિવાયની ગતિવિધિઓમાં ભાગ લેવા તથા રુચિ રાખવા માટે નિર્દેશ કરવો.
(B) તનાવ પર નિયંત્રણ કરતાં શીખવવું
(C) વિશેષ તૈયારી માટે સામાન્ય સાથી મિત્રોથી અલગ કરવો.
(D) તેનામાં સર્જનાત્મકતાના વિકાસ માટે પડકાર (CHALLENGE) આપવો.

24. **તમે કોની માની દીકરીના દીકરા?**
(A) ભાઈની
(B) બહેનની
(C) મામાની
(D) કાકાની

25. 

**એક સમઘનની સપાટીઓ લાલ, પીળો, વાદળી, લીલો, જાંબલી અને નારંગી રંગથી રંગેલી છે. બાજુની આકૃતિઓ માં સપાટીઓના રંગ દર્શાવે છે. જો નારંગી રંગ નીચે આવે તો ઉપર કયો રંગ આવશે?**
(A) લાલ
(B) જાંબલી
(C) પીળો
(D) વાદળી

26. **નીચેના શ્રેણીમાં પ્રશ્નાર્થ જગ્યાએ કયો અંક આવશે?**
9, 14, 21, 30, ?, 54
(A) 41
(B) 38
(C) 40
(D) 42

www.globlegujarat.in

27. એક નિસરણીના ચોથા પગથિયે ઉભા રહીને જોતાં, હજુ ત્રણ પગથિયાં ઉપર જાય ત્યારે અડધે પહોચાશે તો નિસરલીને કુલ પગથિયાં કેટલા?

(A) 14 (B) 12 (C) 13 (D) 15

28. 2 કેરીને બદલે 3 સફરજન, 2 સફરજનને બદલે 4 મોસંબી, 2 મોસંબીને બદલે 6 કેળાં મળતાં હોય તો 1 કેરીને બદલે કેટલાં કેળાં મળે?

(A) 7 (B) 8 (C) 9 (D) 10

29. 

1 2 3

આ ક્રમ પ્રમાણે ચોથી આકૃતિ કઈ આવશે?

4



(A) (B) (C) (D)

30. 

1 2 3 4

ઉપરની આકૃતિઓમાં કોઈપણ કારણસર ત્રણથી જુદી પડે છે તે આકૃતિ કઈ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

31. 'ફાગણિયો લહેરાયો' કાવ્યમાં ફાગણિયાને કેવો કહયો છે?

(A) ભૂંડો (B) ભોળો (C) રૂડો (D) કોકિલ

32. રૂઢિપ્રયોગનો અર્થ આપો – 'વડનાં વાંદરાં ઉતારવાં'

(A) આનાકાની કરવી (B) ભાન કરાવવું (C) બહુજ તોફાની હોવું (D) મૂરખના સરદાર હોવું

33. "સાદ કરે છે, દિલ હરે છે રે, મને એ સાદ કરે છે રે!" – કાવ્યના લેખક છે.

(A) પ્રહલાદ પારેખ (B) કૃષ્ણ દવે (C) સુંદરમ (D) ડાં. પ્રકાશ દવે

34. કઈ એક જોડ ખોટી છે?

(A) પર્વતતારા – સુરેશ જોષી
(B) અલ્લક દલ્લક – બાલમુકુન્દ દવે
(C) ઉડેરે ગુલાલ – નટવર પટેલ
(D) સુંદર સુંદર – ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ'

35. નીચેના વાકયમાં કયો શબ્દ 'સંજ્ઞા' છે.
'મારે એક જાણીતા સજ્જનને મળવા જવાનું થયું'

(A) એક (B) મારે (C) જાણીતા (D) સજ્જન

www.globlegujarat.in

36. મારા કંઠ માટે શરદી ---- પક્ષપાત છે.
ઉપરોકત ખાલી જગ્યામાં કયો પ્રત્યય આવશે?

A) નો (B) નું (C) ના (D) ને

37. જોડાક્ષર ની કઈ એક જોડ સાચી છે?

(A) ક્ + ષ્ = ક્ષ્ (B) ક્ + સ્ = ક્ષ્ (C) ક્ + શ્ = ક્ષ્ (D) ક્ + ક્ષ્ = ક્ષ્

38. 'નિશીથ' શબ્દનો અર્થ આપો.

(A) પ્રાતઃકાળ (B) મધ્યાહ્ન (C) સાયંકાળ (D) મધ્યરાત્રિ

39. જોગીની ગુફા ઉઘડે એમ વનરાજે મોઢું ખોલ્યું. આ વાકયમાં વપરાયેલ અલંકારનો પ્રકાર જણાવો?

(A) ઉપમા (B) રૂપક (C) ઉત્પ્રેક્ષા (D) સનન્વય

40. "ભયંકર વાંદરો ઉચા ઝાડ ઉપર બેઠો છે" આ વાકયમાંથી નામયોગી શોધો.

(A) ભયંકર (B) ઉંચા (C) ઉપર (D) બેઠો છે.

41. "સર્વત્ર વ્યાપેલી હવાને આપણે અનુભવી શકીએ છીએ પણ જોઈ શકતા નથી" વાકયામાંથી સંયોજક શોધો.

(A) સર્વત્ર (B) આપણે (C) છીએ (D) પણ

42. "મનોજે ગાડીનો અવાજ સાંભળ્યો"... કર્મણિ વાકયમાં લખો.

(A) મનોજથી ગાડીનો અવાજ સંભળાયો. (B) ગાડીના અવાજને મનોજે સાંભળ્યો.
(C) ગાડીથી મનોજને અવાજ કરાયો. (D) મનોજને ગાડીના અવાજથી સંભળાયું

43. 'પાણીપંથા' માટે કઈ વાત સાચી છે?

(A) પંખીની પાંખે ને પાણીના પ્રવાહે જવું (B) પાણીમાં રસ્તો બનાવનાર
(C) પૂરના પાણીની ઝડપે દોડનાર (D) પાણીમાં પંથ બતાવી દોડનાર

44. નીચેનામાંથી લોકગીત કયું છે?

(A) શેરીએ આવે સાદ (B) હિંડોળો (C) ઉડેરે ગુલાલ (D) અલ્લક દલ્લક

45. આપેલા વાકયોમાંથી સાચું વાકય શોધો.

(A) દરેક બાળકોને લાડું આપવામાં આવશે. (B) બંધા બાળકને લાંડુ આપવામાં આવશે.
(C) બંધા બાળકને લાંડુઓ આપવામાં આવશે. (D) દરેક બાળકને લાંડુ આપવામાં આવશે.

46. સમાનાર્થી શબ્દો શોધો :– 'પીયૂષ'

(A) પ્રિય (B) સુધા (C) પરમતત્વ (D) સ્પ્રહનીય

47. 'છેલ્લો કટોરો' કાવ્ય મેઘાણીએ કોને ઉદેશીને લખ્યું હતું.

(A) ભારતની પ્રજા (B) અંગ્રેજો (C) સરદાર પટેલ (D) ગાંધીજી

48. 'દોઢ ડાહયું' સમાસનો પ્રકાર જણાવો.

(A) દ્વિગુ (B) દ્વન્દ્વ (C) ઉપપદ (D) તત્પુરુષ

49. 'બેફિકર રહો મહરાજ વાયદો નહિ ચૂકુ'– આ વાકયમાં અલ્પવિરામનું સ્થાન કયા શબ્દ પછી આવશે.

(A) રહો (B) મહરાજ (C) વાયદો (D) બેફિકર

50. શબ્દસમૂહ માટે એક શબ્દ છે. 'પશુને ખાવાનું અનાજ'

(A) જોગાણ (B) ધોડાર (C) વાંસણી (D) કુંજાર

51. જોડણીની દૃષ્ટિએ સાચો શબ્દ છે.

(A) સ્તૂતી (B) સ્તૂતિ (C) સ્તુતી (D) સ્તુતિ

www.globlegujarat.in

52. ભાષાંતર નો અર્થ છે.
(A) તરવટ (B) તરકારી (C) તરજુમો (D) તરકીબ
53. 'દૂષણનો વિરૂધ્ધાર્થી શબ્દ કયો છે?
(A) પ્રદૂષણ (B) આભૂષણ (C) કદૂષણ (D) ભૂષણ
54. નીચેના વાકયામાં કયું એક સર્વનામ નથી
'તુ તેને કહી દેજે કે તેનો આમાં ભાગ નથી'
(A) તું (B) તેને (C) તેનો (D) આમાં
55. 'ભોજા ભગતની' રચનાઓ કયા પ્રકારે ઓળખાય છે?
(A) છપ્પા (B) આખ્યાન (C) ભજન (D) ચાબખા
56. "જયાં સુધી સૂર્ય તપશે ત્યાં સુધી જ ગરમી રહેશે" આ વાકયમાં નિપાત ઓળખાવો.
(A) જયાં (B) ત્યાં (C) જ (D) સુધી
57. 'કીડી ક્રૂર શિકારીના જમણા પગે જોરથી કરડી" આ વાકયમાંથી ક્રિયા વિશેષતા શોધો.
(A) ક્રૂર (B) જમણા (C) પગે (D) જોરથી
58. 'ગંગાધર' સમાસનો પ્રકાર કયો?
(A) બહુવ્રીહિ (B) તત્પુરૂષ (C) કર્મધારય (D) ઉપપદ
59. 'છંદ ઓળખાવો :– "પાણી અને બ્રશ સહુ દઈ તું જતીતી"
(A) હરિણી (B) મિશ્રોપજાતિ (C) વસંતતિલકા (D) માલિની
60. છંદ ઓળખાવો :– 'કદી નહીં કહું, મને જ સ્મરણે સદા રાખજે'
(A) શિખરણી (B) પૃથ્વી (C) મંદાક્રાન્તા (D) હરિણી

61. If she does not work she ------------
(A) fails (B) will fail (C) will be failed (D) will not fail

62. No other musician was so great ---------Tansen.
(A) as (B) than (C) then (D) so

63. Your answer is --------------------right.
(A) quite (B) quiet
(C) quit (D) quilt

64. If she ------------well, it could have ended well.
(A) has begun (B) had begun
(C) begins (D) was begining

65. She and I ---------for you for more than two hours.
(A) has been cooking (B) have cook
(C) have been cooking (D) had cooked

66. At this time yesterday, we ---------cricket on the college ground.
(A) are playing (B) were playing
(C) have being played (D) will be playing

67. _______ is your pen,red or blue?
(A) whom (B) whose (C) which (D) who

www.globlegujarat.in

68. Make noun of : To invite
(A) inviting (B) invited (C) invitation (D) invention

69. The judge ordered that the criminal be put -------------death.
(A) to (B) under (C) at (D) till

70. The officer warned me ----------------the office until five o'clock.
(A) to leave (B) to not leave
(C) don't leave (D) not to leave

71. They failed means:
(A) They were successful (B) They were brave
(C) They were not successful (D) They were not brave

72. My mother said,"Health is wealth" --Turn into indirect form.
(A) My mother said that health was wealth.
(B) My mother told that health is wealth.
(C) My mother said that health is wealth.
(D) My mother told that health was wealth.

73. Find out the word with correct spelling
(A) Experence (B) Experience (C) Experiance (D) Exparience

74. Mr. Joshi was in bed because--------
(A) he was tired (B) he was sick (C) he was happy (D) he was lazy

75. The broker said that-------
P: a Person
Q: should shop carefully
R: who buys a house
S: for the lowest interest of rate
(A) SPRQ (B) PRQS (C) SPQR (D) PSRQ

76. Change the voice:Select the proper one
I want to buy an aeroplane
(A) I want an aeroplane to be bought (B) An aeroplane to be bought by me
(C) I want an aeroplane to be bought (D) I wish an aeroplane to be bought

77. Find out the tense:
'The farmers have done hard work in their farms:
(A) Simple present tense (B) Simple past tense
(C) Perfect present tense (D) Perfect future tense

78. Find out the appropriate word which can correctly substitute the underlined part of the sentense ( રેખાંકિત શબ્દના બદલે મૂકી શકાય તેવો શબ્દ શોધો )
will you type these letters now?
(A) Could (B) Can (C) Shall (D) Are

www.globlegujarat.in

79. Choose the most suitable "one word"
One who compiles dictionery
(A) Caligrapher
(B) Editor
(C) Lexicographer
(D) Nap

80. A place where birds are kept
(A) Attic
(B) Nursery
(C) Aviary
(D) Zoo

81. Pick out the most effective word to make meaningful sentence
The-----------report was submitted, subject to such revisions as would become before the final draft.
(A) preliminary
(B) ultimate
(C) refuse
(D) extraordinary

82. Pick out the most effective word to make meaningful sentence
Such ----------statements cannot be taken seriously.
(A) hazardous
(B) possession
(C) illicit
(D) accurate

83. Use question tag:
They went to lovely garden,---------------
(A) Did they?
(B) Do not they?
(C) Did n't they?
(D) Doesn't they?

84. Give past participle of : "go and take"
(A) went and took
(B) went and taken
(C) gone and took
(D) gone and taken

85. we went to Surat the last -------------
(A) weak (B) week (C) wick (D) walk

86. -------------------milk is there in the cup?
(A) How many
(B) How much
(C) How long
(D) How far

87. -------------------did you live in Himatnagar?
(A) Which (B) What (C) Where (D) Who

88. What is underlined word:
'Read this book <u>silently</u>'
(A) Noun
(B) Verb
(C) Adjective
(D) Adverb

89. Which word is other than three:
(A) Apple
(B) Almond
(C) Berry
(D) Swan



www.globlegujarat.in

90. Monday comes ______________ Sunday

(A) before (B) ago (C) between (D) after

91. 35° ના કોટિકોણના પૂરક કોણનું માપ કેટલું થાય?

(A) 55° (B) 125° (C) 115° (D) 65°

92. કયા વિકલ્પની સંખ્યાઓ પ્રમાણમાં નથી?

(A) 3, 7, 9, 21
(B) 10, 15, 16, 24
(C) 7, 6, 14, 11
(D) 25, 30, 10,12

93. 8 વ્યકતિ, 8 કામ, 8 દિવસમાં કરેતો 4 વ્યકિત 4 કામ કેટલા દિવસમાં કરશે?

(A) 4 (B) 8 (C) 2 (D) 1

94. $(1.5 \div 0.5) \times (2.4 \div 0.12)$ નું સાદુરૂપ કેટલું?

(A) 6 (B) 0.6 (C) 60 (D) 600

95. પૂર્ણ સંખ્યાઓના ગણને કયો ગણ કહે છે?

(A) N ગણ (B) W ગણ (C) Z ગણ (D) Q ગણ

96. ચઢતા ક્રમમાં ગોઠવતાં વચ્ચે કઈ સંખ્યા આવે? 5, –3, 0, –2, 4, 2, 1

(A) 0 (B) –2 (C) 1 (D) 2

97. 2400 ના 30% બરાબર -------- ના 20%

(A) 1800
(B) 7200
(C) 3600
(D) 4800

98. કયો અપૂર્ણાંક સૌથી મોટો છે?

(A) $\frac{3}{5}$
(B) $\frac{4}{7}$
(C) $\frac{1}{2}$
(D) $\frac{5}{8}$

99.  બાજુના ચોરસમાં વિકર્ણો તથા બાપુઓનાં મધ્યબિંદુઓથી બનેલો રેખાંકિત ભાગ આખી આકૃતિનો કેટલામો ભાગ છે?

(A) $\frac{1}{4}$
(B) $\frac{3}{4}$
(C) $\frac{1}{2}$
(D) $\frac{2}{3}$

100. $\frac{1}{8}$ = ______________%

(A) 8
(B) 10
(C) 12.5
(D) 10.5

www.globlegujarat.in

101. 3, 2,7,5 આ અંકોથી બનની સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યાનો તફાવત કેટલો થાય?

(A) 5175 (B) 7532 (C) 2357 (D) 5285

102. 6 ખુરશીની મૂળ કિંમતે 5 ખુરશી વેચતાં કેટલા ટકા નફો થાય

(A) 20% (B) 25% (C) 15% (D) 10%

103. વર્તુળના વ્યાસ અને તેના પરિઘનો ગુણોત્તર કેટલો?

(A) $\frac{22}{7}$ (B) $\frac{314}{100}$

(C) Π (D) $\frac{1}{\Pi}$

104. નીચે પૈકી સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યાનો તફાવત કેટલો થાય? 0.03, 0.003, 3.3, 3.03

(A) 2.297 (B) 2.27 (C) 3.297 (D) 3.27

105. એક રકમ સાદા વ્યાજે 8 વર્ષમાં બમણી થઈ તો વ્યાજનો દર કેટલો?

(A) 10% (B) 12% (C) 12.5% (D) 10.5%

106. $\Delta$ABC માં AB = BC છે જો $\angle$B નું માપ 40 હોયતો $\angle$A નુ માપ કેટલું?

(A) 70° (B) 40° (C) 50° (D) 60°

107. કયા અપૂર્ણાક નું અતિસંક્ષિપ્ત રૂપ $1\frac{3}{5}$ થાય?

(A) $\frac{49}{35}$ (B) $\frac{36}{20}$ (C) $\frac{96}{60}$ (D) $\frac{54}{30}$

108. ગાણિતિક રીતે કયું વિધાન સાચું નથી?

(A) ગુણાકાર અને ભગાકાર માટે 1 તટસ્થ સંખ્યા છે. (B) ગુણાકારનું સરવાળા પર વિભાજન થાય છે.

(C) સરવાળા–બાદબાકી માટે તટસ્થ સંખ્યા (0) શૂન્ય છે. (D) સરવાળાનું ગુણાકાર પર વિભાજન થઈ શકે છે.

109. કયું પદ સજાતીય પદ નથી?

(A) $3x^2y^3z^2$ (B) $-15x^2y^3z^2$ (C) $4x^2y^2z^2$ (D) $10y^3z^2x^2$

110. એક ગ્રામ સુધારણા કાર્યક્રમમાં 1500 કુટુંબો, કુટુંબદીઠ ₹ 65 ફાળો એકઠોકરી, વિકાસ માટે ₹ 78378 વાપરે છે તો બચત કેટલી રહેશે?

(A) ₹ 19232 (B) ₹ 19122 (C) ₹ 29232 (D) ₹ 29122

111. કયા માપવાળો ત્રિકોણ દોરવો શકય નથી.

(A) $\Delta$ABC માં AC = 5 સેમી BC = 4 સેમી AB = 3 સેમી

(B) $\Delta$PQR સેમીQR = 7 સેમી PQ = 6 સેમી PR = 10 સેમી

(C) $\Delta$XYZ સેમી YZ = 6.5 સેમી XY = 4.5 સેમી XZ = 11.5 સેમી

(D) $\Delta$MNS સેમી NS = 4.5 સેમી MN = 6.5 સેમી MS = 10.5 સેમી




112. નીચેના પૈકી કઈ સંખ્યાને 3 વડે નિઃશેષ ભાગી શકાય

(A) 43256 (B) 67633 (C) 93649 (D) 86445

www.globlegujarat.in

113. 30 થી 50 વચ્ચે આવેલી અવિભાજય સંખ્યાઓ કેટલી?

(A) 4 (B) 5 (C) 6 (D) 7

114. વર્તુળના વ્યાસ વિશે કયું વિધાન સાચું નથી?

(A) તે વર્તુળની સૌથી મોટી જીવા છે.

(B) વર્તુળની આ જીવા કેન્દ્રમાંથી પસાર થાય છે.

(C) વર્તુળરની ત્રિજયા કરતાં, તે વર્તુળનો વ્યાસ બમણો હોય છે.

(D) વ્યાસએ રેખા છે જેનાં અત્યંબિદુઓ વર્તુળપરનાં બિદંઓ છે.

115. ગણિતમાં ભાગાકાર એ પુનરાવર્તી ------- છે.

(A) સરવાળો (B) બાદબાકી (C) ગુણાકાર (D) ભાગાકાર

116. એક સંખ્યાના 5 ગણામા 3 ઉમેરતાં 28 થાય છે તો તે સંખ્યા કઈ?

(A) 6 (B) 5

(C) 4 (D) 7

117. ત્રણ સંખ્યાઓ 10, 15 અને 25 ની લઘુત્તમ સામાન્ય અવયવી કેટલી થાય?

(A) 75 (B) 100

(C) 125 (D) 150

118. (–3) – (–5) + (–2) નું સાદુરૂપ કેટલું થાય?

(A) –10 (B) –1

(C) 0 (D) 6

119. સૌથી નાની વિભાજય અને સૌથી નાની અવિભાજય સંખ્યાઓનો તફાવત કેટલો થાય?

(A) 0 (B) 1

(C) 2 (D) 3

120. 

$\Delta ABC$ માં $AB = BC$, $\angle ACD = 130°$ હોયતો $\angle B$નું માપ કેટલું?

(A) 70° (B) 65°

(C) 80° (D) 75°

121. ગુજરાતી સાહિત્યનું મુખ્યપત્ર કયું?

(A) નવચેતન (B) અખંડ આનંદ (C) શબ્દસૃષ્ટિ (D) પરબ

122. વનસ્પતિના કયા અંગથી તેનું પ્રજનન કાર્ય થાય છે?

(A) પર્ણ (B) મૂળ (C) પુષ્પ (D) પ્રકાંડ

123. નીચેના પૈકી કઈ કુદરતી ઘટના પવન સાથે સંકળાયેલી છે?

(A) વાવાઝોડું (B) ભૂકંપ (C) દુષ્કાળ (D) પૂર

124. ગુજરાતમાં સૌથી વધુ વૃક્ષો ધરાવતું નગર કયું?

(A) ગાંધીનગર (B) વિસનગર (C) સુરેન્દ્રનગર (D) જામનગર

www.globlegujarat.in

125. **વિશ્વ પ્રસિદ્ધ 'ર્રાક ગાર્ડન' કયાં આવેલો છે?**
(A) મૈસુર (B) ચંદીગઢ (C) પૈઠણ (D) ઉદયપુર

126. **નીચેના પૈકી કયું અભયારણ્ય ગુજરાતના કચ્છજિલ્લામાં આવેલું નથી?**
(A) ચિંકરા અભયારણ્ય (B) કાળિયાર અભયારણ્ય (C) ધુડખર અભયારણ્ય (D) સુરખાબ અભયારણ્ય

127. **ભીમાશંકર જયોતિર્લિંગ કયાં આવેલું છે?**
(A) કાશીમાં (ઉત્તર પ્રદેશ) (B) ઉજ્જૈનમાં (મધ્યપ્રદેશ)
(C) શ્રી શૈલખાતે (આંધ્ર પ્રદેશ) (D) સહયાદ્રિમાં (મહારાષ્ટ્ર)

128. **પદ અને પદના કર્તાના સંબંધમાં કઈ જોડ બંધબેસતી નથી?**
(A) મારું મનડું વીધાણું રાણા – મીરાં (B) જૂનુંતો થયું રે દેવળ – દાસી જીવણ
(C) જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા – નરસિંહ મેહતા (D) વીજળીને ચમકારે મોતીડાં પરોવો – ગંગાસતી

129. **લેખક અને તખલ્લુસ (ઉપનામ) ની દૃષ્ટિએ કયું જોડકું ખોટું છે?**
(A) લાભશંકર ઠાકર – લઘરો (B) કેશવલાલ વ ધ્રુવ – વનમાળી
(C) મધુસૂદન પારેખ – પ્રિયદર્શી (D) ભોગીલાલ ગાંધી – ચાંદામામા

130. **ઈ.સ. ૧૯૭૪ માં થયેલ 'ચિપકો આંદોલન' કયા સ્થળે થયું હતું?**
(A) બિહાર (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ

131. **૨૧મી જૂને 'લાંબામાં લાંબી રાત્રિ' અને ટુંકામાં ટૂકો દિવસ કયા દેશમાં હોય છે?**
(A) ઈજિપ્ત (B) મ્યાનમાર (C) બંગ્લાદેશ (D) ઓસ્ટ્રેલિયા

132. **અવકાશમાં જનાર સૌ પ્રથમ માનવી કોણ ?**
(A) વેલેન્ટિના તેરેશ્કોવા (B) નીલ આર્મસ્ટ્રોંગ (C) યુરી ગાગરિન (D) શેરપા તેનસિંગ

133. **વિશ્વમાં આવેલો સૌથી ઉચો ધોધ કયો ?**
(A) એન્જલ, વેનિઝુએલા (B) ટૂગેલા, દક્ષિણ આફ્રિકા
(C) યોસે મિટી, કોલિફર્નિયા (D) ગિરસપ્પા (જોગ), ભારત

134. **ગ્રીસ દેશમાં વરસાદ અને હવામાનના દેવ – ઈન્દ્ર તરીકે કોણ ઓળખાય છે?**
(A) એપોલો (B) હદિસ (C) ઝીયસ (D) કયુપીડ

135. **આપણા વડાપ્રધાને તાજેતરમાં મુલાકાત લીધી તે દેશ ઉઝબેકિસ્તાન નું પાટનગર કયું?**
(A) પિશ્પેક (B) અશ્ખાબાદ (C) તાશ્કંદ (D) મસ્કત

136. **ઋતુઓ થવાનું મુખ્ય એક કારણ છે**
(A) સૂર્ય પૂર્વમાં ઉગે છે અને પશ્ચિમમાં આથમે છે. (B) પૃથ્વીની આસપાસ ચંદ્ર ફરે છે.
(C) પૃથ્વી પોતાની કક્ષામાં પરિભ્રમણ કરે છે. (D) પૃથ્વી તેની ધરી સાથે 66.5 નો ખૂણો બનાવી ફરે છે.

137. **ઓસ્ટ્રેલિયન ઓપન 2015 માં પુરુષ વિભાગનો સિંગલ્સનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો ?**
(A) નોવાકે જોકોવિચ (B) એન્ડી મરે (C) રોજર ફેડરર (D) રાફેલ નાદાલ

138. **જનીન વિજ્ઞાનમાં સંશોધન કરી નોબેલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક કોણ છે?**
(A) ડૉ. જયંત નાર્સીકર (B) ડૉ. હરગોવિંદખુરાના (C) ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય (D) ડૉ. મેઘનાથ સહા

139. **નીચેના પૈકી કયું સજીવ ઉભય જીવી છે?**
(A) ઉંટ (B) કાચબો (C) શાહમૃગ (D) ડોલ્ફિન

www.globlegujarat.in

140. વરસાદનું પાણી વહેતાં કઈ જમીન ચીકણી અને લપસણી બને તેથી તિરાડો પડી ચિરાઈજાય છે.

(A) રેતાળ જમીન (B) માટિયાળ જમીન (C) કાંપાળ જમીન (D) ત્રણમાંથી એકે નહિ.

141. એશિયાખંડમાં ઉગતા ઘાસમાં સૌથી ઉંચું ઘાસ કયાં જોવા મળે છે?

(A) કચ્છનો બન્ની વિસ્તાર (B) ગીરનો સોરઠ વિસ્તાર

(C) મધ્ય ગુજરાતનો ચરોત્તર વિસ્તાર (D) ઝાલાવાડ વિસ્તાર

142. નીચેના પૈકી કયું પક્ષી કુદરતમાં 'સફાઈ કામદાર' તરીકે કામ કરતું નથી?

(A) ગીધ (B) કાગડા (C) કબૂતર (D) સમડી

143. અંગ્રેજ શાસન દરમ્યાન, કયા ગવર્નર જનરલે 'સહાયકારી યોજના' દાખલ કરી અંગ્રેજ સામ્રાજયનો ભારતમાં વિસ્તાર કર્યો હતો?

(A) વોર્ન હેસ્ટીંગ્ઝ (B) લોર્ડ કાર્નવોલિસ (C) લોર્ડ વેલેસ્લી (D) લોર્ડ ડેલહાઉસી

144. ગરમી મળતાં 'ઉર્ધ્વપતનની ક્રિયા' થતી હોય તેવા પદાર્થો કયા?

(A) મોરથુથુ અને ફટકડી (B) કપૂર અને નવસાર (C) સંચળ અને ચીરોડી (D) મીઠું અને હળદળ

145. 'વેદ તરફ પાછા વળો' નો મંત્ર કોણે આપેલો?

(A) સ્વામી વિવેકાનંદ (B) જગદગુરૂ શંકરાચાર્ય (C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) રામકૃષ્ણ પરમહંસ

146. દિલ્લીમાં આવેલી 'વિજય ઘાટ' એ કોની સમાધિ છે?

(A) શ્રીમતી ઈંદિરાગાંધી (B) શ્રી મહાત્મા ગાંધી (C) શ્રી લાલબહાદુર શાસ્ત્રી (D) શ્રી જવાહરલાલ નેહરૂ

147. ગુજરાતના જિલ્લા અને જિલ્લા મથકનું ખોટું જોડકું કયું?

(A) દેવભૂમિ દ્વારકા –– ખંભાળિયા (B) ગીર – સોમનાથ –– વેરાવળ

(C) અરવલ્લી –– લુણાવાડા (D) તાપી –– વ્યારા

148. ગુજરાતનો કોઈ ખેલાડી અંતરાષ્ટ્રીય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે એની પસંદગી કયા એવોર્ડ માટે કરવામાં આવે છે?

(A) એકલવ્ય એવોર્ડ (B) સરદાર પટેલ એવોર્ડ

(C) જયદીપ સિંહ એવોર્ડ (D) દ્રોણાર્ચાય એવોર્ડ

149. લડંન માં કર્નલ વાઈલીની હત્યા કયા ક્રાંતિવીરે કરી હતી ?

(A) પ્રફુલ્લ ચાકીએ (B) સરદાર ભગત સિંહ

(C) મદનલાલ ધીંગરાએ (D) શ્યામજી કૃષ્ણવર્માએ

150. કરેગે યા મરેંગેનુ સૂત્ર ગાંધીજીએ કઈ ચળવળ દરયિાન આપ્યું હતુ ?

(A) બંગાળ વિભાજન (B) અસહકારની લડત

(C) ભારત છોડો આંદોલન (D) દાંડી કૂચ

## SPACE FOR ROUGH WORK

www.globlegujarat.in

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેલી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.